શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર

મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના

પ્રેસ નોટ

---

નં/કેસીજી/એમ.વાય.એસ.વાય/૨૦૨૦-૨૧/ 328

તા.૨૬/૧૦/૨૦૨૦

"રાજ્ય સરકાર દ્વારા તમામ વર્ગોના તેજસ્વી અને જરૂરીયાતમંદ યોગ્યતા પ્રાપ્ત વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે જરૂરી આર્થિક સહાય મળી રહે તે હેતુથી મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજના હેઠળ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે વિદ્યાર્થીઓ પાસેથી ઓનલાઈન રીન્યુઅલ અરજી મંગાવવાનો સમયગાળો તા.૦૧/૧૦/૨૦૨૦ થી તા.૩૧/૧૨/૨૦૨૦ રાખવામાં આવેલ છે. આ યોજના હેઠળ વિદ્યાર્થીઓએ ઓનલાઈન અરજી કર્યા બાદ હેલ્પ-સેન્ટર ખાતે વેરીફીકેશન કરાવવાનું હોય છે. કોવીડ-૧૯ની વર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતા શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે જે વિદ્યાર્થીઓ રીન્યુઅલ માટે ઓનલાઈન અરજી કરતા હોય તેઓને હેલ્પ-સેન્ટર ખાતે વેરીફીકેશન કરવામાંથી મુક્તિ આપવામાં આવે છે. તેઓએ હેલ્પ-સેન્ટર ખાતે જવાનું રહેશે નહિ. તેઓએ ઓનલાઈન અરજીમાં રજુ કરેલ દસ્તાવેજોને આધારે તેઓની અરજી મંજુર કરવા અંગે નિર્ણય લેવામાં આવશે જેની જે તે અરજીકર્તા વિદ્યાર્થીઓએ નોંધ લેવી."

(A.U. Patel)

Advisor KCG